# પ્રેસનોટ
# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુ-બાજુ વિસ્તારમાં BRTS અને સીટી બસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. ભારતના સૌથી લાંબા ૧૦૮ કિમીના ડેડીકેટેડ BRTS કોરીડોર મારફત વિવિધ ૧૩ રૂટ પર ૩૮૫ BRTS બસ કાર્યરત છે તથા વિવિધ ૪૫ સીટી બસ રૂટ પર ૪૪૦ બસનું સંચાલન કરવામાં આવે છે અને હાલમાં કુલ-૪૧૮ કિમીના રૂટ ઉપર સીટી બસ સેવા કાર્યરત છે. દૈનિક ધોરણે આશરે ૨ લાખથી વધુ મુસાફરો ધ્વારા સદર સેવાનો લાભ લેવામાં આવી રહેલ છે.

પોલીશ કમિશ્નશ્રીના જાહેરનામાં મુજબ સુરત ખાતે આગામી ગુજરાત ગૌરવ દિન-૦૧લી મે ૨૦૨૬ નાં રોજ રાજ્ય કક્ષાની ઉજવણી ઉજવવા રાજ્ય સરકારશ્રીએ નિર્ણય લીધેલ હોય, આ ઉજવણીના ભાગરૂપે ડુમ્મસ SEA FACE ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે તથા પોલીસ વિભાગ તરફથી વિવિધ કાર્યક્રમો ઉપરાંત પરેડ પ્લાટુન ભાગ લેનાર છે. જેમાં ગુજરાત રાજ્યના માન.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ પધારનાર હોય અને મોટી સંખ્યામા જનમેદની હાજર રહેનાર હોય જેથી ટ્રાફિક નિયમન જળવાઈ રહે અને કોઈ અવ્યવસ્થા ન સર્જાય તેમજ જાહેર જનતા અને આવતા જતા વાહન ચાલકોને અવર-જવરમાં અડચણ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે હેતુસર એસ.કે.નગર ચાર રસ્તાથી એરપોર્ટ ટી પોઇન્ટ થઈ, કુવાડા ત્રણ રસ્તા થઈ, લંગર ચાર રસ્તા થઈ, ડુમ્મસ SEA FACE સુધી આવતા-જતા રોડ તથા એસ.કે.નગર ચાર રસ્તાથી SVNIT સર્કલ તથા પરત SVNIT સર્કલથી એસ.કે.નગર ચાર રસ્તા સુધીનાં રોડની બન્ને તરફના આવતા-જતા વાહનો તથા જોલી પાર્ટી પ્લોટ ચાર રસ્તાથી Y-જંકશનથી એસ.કે.નગર ચાર રસ્તા તરફ જતા વાહનો તેમજ જોલી પાર્ટી પ્લોટ ચાર રસ્તાથી રાહુલરાજ મોલ ત્રણ રસ્તા તરફ આવતા-જતા વાહનો ઉપર તા.૦૧/૦૫/૨૦૨૬ ના રોજ કલાક-૦૮/૦૦ વાગ્યાથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી ઉપરોક્ત રૂટ ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર કરવા તેમજ પાર્કિંગ કરવા ઉપર તથા સદર રૂટવાળા મુખ્ય માર્ગ તથા મુખ્ય માર્ગને અડીને આવેલ તમામ ગલી-નાકા, ચાર રસ્તા ઉપરથી મુખ્યમાર્ગ ઉપર પ્રવેશવા તેમજ ક્રોસીંગ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

જેથી ઉપરોકત વિસ્તારોના BRTS તેમજ સીટી બસોની સેવા બંદોબસ્ત સમયગાળા દરમ્યાનમાં તા.૦૧/૦૫/૨૦૨૬ ના રોજ સવારથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી અન્ય રૂટ ઉપર ડાયવર્ત કરવા જણાવેલ છે. જે અન્વયે નીચે જણાવેલ અસર થતા સિટી તથા BRTS રૂટોમાં ફેરફાર કરવામાં આવેલ છે. વધુમાં કાર્યક્રમ અન્વયે અન્ય રૂટો પણ ઓછી ફ્રિકવન્સીથી ચલાવવામાં આવનાર છે. તદઉપરાંત આ સિવાય અન્ય રૂટોમાં પણ જો ટ્રાફિક પોલીસ વિભાગની સુચના મળશે તો તે મુજબના જરૂરી ફેરફાર કરવામાં આવશે. જેની શહેરીજનોએ ખાસ નોંધ લેવી.

| તા.૦૧/૦૫/૨૦૨૬ ના રોજ ગુજરાત ગૌરવ દિનની ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન હોઈ BRTS રૂટોમાં કરવામાં આવેલ જરૂરી ફેરફારોની વિગત | | |
|---|---|---|
| **BRTS રૂટ નં.** | **BRTS રૂટનું નામ** | **BRTS રૂટમાં કરવામાં આવેલ જરૂરી ફેરફાર** |
| ૧૨ | ઓએનજીસી-સરથાણા નેચર પાર્ક | સવારથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી સોમેશ્વરથી સરથાણા નેચર પાર્ક કાર્યરત રહશે. |
| ૧૪ | ઓએનજીસી કોલોની -કોસાડ ઈ.ડબ્લ્યુ.એસ એચ-૨ | સવારથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી પાલ RTOથી કોસાડ ઈ.ડબ્લ્યુ.એસ એચ-૨ કાર્યરત રહશે. |

| તા.૦૧/૦૫/૨૦૨૬ ના રોજ ગુજરાત ગૌરવ દિનની ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન હોઈ સીટી રૂટોમાં કરવામાં આવેલ જરૂરી ફેરફારોની વિગત | | |
|---|---|---|
| **સીટી રૂટ નં.** | **સીટી રૂટનું નામ** | **સીટી રૂટમાં કરવામાં આવેલ ફેરફાર** |
| ૧૦૬R | અભવા ગામ-રેલ્વે સ્ટેશન | સવારથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી સંપૂર્ણપણે બંધ કરેલ છે. |
| ૧૨૬R | વી.એન.એસ.જી યુનિવર્સિટી-રેલ્વે સ્ટેશન | સવારથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી ડાયવર્ત વાયા જોગર્સ પાર્ક કરેલ છે. |

| | | |
|---|---|---|
| ૧૩૬ | એરપોર્ટથી રેલ્વે સ્ટેશન | સવારથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી સંપૂર્ણપણે બંધ કરેલ છે. |
| ૧૫૩R | ઉમરા ગામ-કાપોદ્રા | સવારથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી સંપૂર્ણપણે બંધ કરેલ છે. |
| ૨૦૬ | ચોક ટર્મિનલ-સીકે પીઠાવાલા એન્જી.કોલેજ | સવારથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી સંપૂર્ણપણે બંધ કરેલ છે. |
| ૨૧૬B | ચોક ટર્મિનલ-ભીમપોર | સવારથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી સંપૂર્ણપણે બંધ કરેલ છે. |
| ૨૧૬K | ચોક ટર્મિનલ-કાદી ફળિયા ડુમસ | સવારથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી સંપૂર્ણપણે બંધ કરેલ છે. |
| ૨૨૬J | કોસાડ ગામ-વી.એન.એસ.જી યુનિવર્સિટી | સવારથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી સંપૂર્ણપણે બંધ કરેલ છે. |
| ૭૦૬ | ઈસ્કોન સર્કલ-વી.એન.એસ.જી યુનિવર્સિટી | સવારથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી ડાયવર્ત વાયા ગોકુલમ ડેરી, રામ ચોક, સાયન્સ સેન્ટર કરેલ છે. |
| ૭૧૬ | ગેલ કોલોની વેસુ-જહાંગીરપુરા | સવારથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી ડાયવર્ત વાયા સરદાર બ્રીજ કરેલ છે. |

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર**
**સમાચાર યાદી નં. ........................**
**તા.૩૦/૦૪/૨૦૨૬**